

તુજ જ્ઞાન ધ્યાનનો રંગ, અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

# ૮૬ 卐 જન્મજયંતી-વિશેષાંક 卐 ૮૬

કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૭૦] * આત્મધર્મ * [અંક-૨ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૫ ઓગસ્ટ-૧૯૯૯

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેઓ પરંપરાથી આત્મા અને પરનો ભેદ બતાવે છે એવા ગુરુ જ દિનકર છે, ગુરુ જ હિમકરણચંદ્ર છે, ગુરુ જ દીપક છે અને તે ગુરુ જ દેવ છે. ૫૮૦. *(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧)*

❀ શ્રદ્ધાવાન જીવને આ મારા ને આ પરાયા એવા ભેદ ગુરુ વિષે કદાપિ હોતા નથી. જિનવચનરૂપી રત્નાભૂષણથી જે શોભિત છે તે બધાય ગુરુ છે. ૫૮૧. *(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ-સિદ્ધાંત-રત્નમાળા, ગાથા-૧૦૫)*

❀ યહ પંચમ દુઃખમાં કાલ આકુલતામય તથા અનિષ્ટ નિમિત્તોંસે પૂર્ણ હૈ. ઇસમેં હિતકારી સમ્યગ્દર્શન શીઘ્ર નહીં ઉત્પન્ન હોતા હૈ. તો ભી જ્ઞાનકે અભ્યાસકે બલસે આત્મહિતકારી સમ્યગ્દર્શનકા સંયોગ હોતા હૈ તબ સર્વ ભય નાશ હો જાતા હૈ ઔર કર્મોંકા ક્ષય હોને લગતા હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકે હોતે હી અવિપાકનિર્જરા પ્રારંભ હો જાતી હૈ. ૫૮૨.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૪૯)*

❀ જો ગૃહસ્થીકે ધંધેમેં રહતે હુએ ભી હેયાહેયકો સમજતે હૈં ઔર જિનભગવાનકા નિરંતર ધ્યાન કરતે હૈં, વે શીઘ્ર હી નિર્વાણકો પાતે હૈં. ૫૮૩. *(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૧૮)*

❀ હે ભવ્ય! તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે? એ કોલાહલથી તું વિરક્ત થા અને એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદયસરોવરમાં જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે. ૫૮૪.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૩૪)*

❀ કોઈ મનુષ્ય શુદ્ધ, સ્વાદિષ્ટ, સ્વચ્છ અમૃત જેવા મિષ્ટાન જમતો હોય ને શત્રુ તેમાં ઝેર ભેળવી દે; તેમ હું અત્યારે સંસારથી વિરક્ત થઈને મારા અંતરમાં ધર્મરૂપી પરમ અમૃતનું ભોજન લેવા તત્પર થયો છું તે વખતે તેમાં રાજ્યલક્ષ્મીના ભોગવટાનું વિષ ભેળવીને આપ સ્વજનો શત્રુકાર્ય ન કરશો. ૫૮૫. *(આચાર્ય જટાસિંહનંદી, વરાંગ ચરિત્ર, સર્ગ-૨૮, શ્લોક-૧૯)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૬
અંક-૨
[૬૭૦]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
Aug.
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## આત્મા જ્ઞાનથી ચળકી રહ્યો છે

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ નં. ૧૯૭ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(બીજીવારના સળંગ પ્રવચન નં. ૧૧)

**પ્રજ્ઞાછીણીને શુભાશુભભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અતઃસંધિમાં પટકવી. આત્માને અને રાગને ભિન્ન કરવાની આ કળા છે. આ કળા વિનાના વ્રત, તપાદિ બધું વ્યર્થ છે.**

શુભાશુભ રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મ સાંધ એટલે તીરાડ છે ત્યાં પ્રજ્ઞાછીણી પટકવાથી બંને જુદાં પડી જાય છે માટે તેમાં પ્રજ્ઞાછીણી પટક ! એ સિવાય બધું એકડાં વિનાના મીંડા જેવું છે. પ્રજ્ઞાછીણી કેવી રીતે પટકવી ? કે ધીરજથી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી, ધીરજથી બેની સાંધમાં પ્રજ્ઞાછીણી પટકવી. રાગના વિકલ્પ અને જ્ઞાનની વચ્ચે પ્રજ્ઞાછીણી પટકીને બંનેને જુદાં પાડી દેવા. સમ્યગ્દર્શન થવાના કાળે આ સ્થિતિ હોય છે. આ વિના સમ્યગ્દર્શન થતું નથી.

ઉપયોગ સૂક્ષ્મ કેવી રીતે થાય ? કે—પર તરફ જતાં ઉપયોગને સ્વ તરફ વાળતાં ઉપયોગ સૂક્ષ્મ થાય છે ત્યારે તેને સાવધાન થઈને રાગ અને જ્ઞાન વચ્ચેની સાંધ પકડાય છે ત્યાં પ્રજ્ઞાછીણી પટકવાથી રાગ અને જ્ઞાન જુદાં પડી જાય છે. આવા ભેદજ્ઞાન વિના અનંતકાળથી જીવ પરિભ્રમણ કરતો આવ્યો છે.

નિયમસારમાં તો ભગવાન કુંદકુંદઆચાર્ય કહે છે કે આ જીવે અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કર્યું અને એ પછી પણ દરેક જગ્યાએ પરિભ્રમણ કરી આવ્યો. અઢી દ્વીપ આદિ કોઈ ક્ષેત્ર બાકી નથી કે જ્યાં દ્રવ્યલિંગ ધારણ કર્યા પછી અનંતવાર

જન્મ-મરણ કર્યા ન હોય. લિંગ ધારણ કર્યું એ તો માત્ર જડની ક્રિયા હતી તેમાં આત્માનો ધર્મ ક્યાં હતો ? આત્માના ધર્મની પ્રાપ્તિ વિના જન્મ-મરણ મટતાં નથી.

સાવધાન થઈને એટલે સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ દ્વારા ઓળખીને—રાગ આકુળતારૂપ છે અને જ્ઞાન આનંદરૂપ છે એમ બંનેને તેના લક્ષણ વડે જુદાં ઓળખીને સૂક્ષ્મતાથી બંનેને જુદાં પાડી દેવા—એકત્વ તોડી નાંખવું.

આ તો શબ્દો થોડા છે પણ ભાવ ઊંડા છે. બેન તો અતીન્દ્રિય આનંદમાં રમે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારને બહારની કાંઈ મહિમા ન હોય. આ તો બહેનોએ લખી લીધું એટલે બહાર આવ્યું.

રાગ અને જ્ઞાન એકમેક તો કદી થયા જ નથી પણ એકત્વ માની લીધું છે. ભગવાન આત્મા તો સદાય સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર સૂક્ષ્મ પારિણામિક પરમભાવ લક્ષણ પરમદ્રવ્ય છે તેને ઓળખીને તેમાં એકાગ્ર થઈ જા તો રાગમાંથી એકત્વબુદ્ધિ છૂટી જશે. ૩૨૦મી ગાથામાં જયસેનાચાર્યે ટીકામાં ભગવાન આત્માને આવા શબ્દોથી ઓળખાવ્યા છે.

અહીં બેને દૃષ્ટાંત આપ્યું છે કે અબરખના પડ કેવાં પાતળાં હોય છે તેને બરાબર સાવધાનીથી જુદાં પાડે તો જુદાં પડે છે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરીને સ્વભાવ અને વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડે તો બંને જુદા પડી જાય છે. અબરખના પડ બહુ પાતળાં હોય છે તોપણ ધીરજથી તેને જુદાં પાડી શકાય છે. ઘણાં પત્તા એકસાથે હોય પણ એક જેવા લાગતાં હોય છે તેને ધીરજથી જુદા પાડી દેવાય છે. તેમ આમાં સ્વભાવ અને વિભાવ વચ્ચે સૂક્ષ્મ સાંધ છે તેમાંથી બંનેને જુદાં પાડવામાં ઘણી ધીરજ અને સાવધાની જોઈએ.

ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપે બિરાજમાન છે. તેમાં રાગનો અંશ પણ નથી. તેના આનંદનો એક સમયનો સ્વાદ પણ એવો ચમત્કારી છે કે ઈન્દ્રના ઈન્દ્રાસનમાં પણ એવો આનંદ મળે તેમ નથી આત્મામાં એવો અતીન્દ્રિય આનંદ છે અને રાગમાં તો આકુળતાનો પ્રવાહ વહે છે. આત્મા આનંદનું ધામ છે. આવા આનંદધામને અને આકુળતાના પ્રવાહને પ્રજ્ઞા વડે જુદાં પાડી દે. ક્રિયા વડે તે જુદાં નહિ પડે. દ્રવ્યલિંગી દિગંબર સાધુએ ક્રિયા કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી પણ આનંદધામ—આનંદસાગર—આનંદની ખાણ ભગવાન આત્માનો પત્તો લીધો નથી માટે એ બધી ક્રિયા થોથાં છે. ક્રિયા વ્યવહાર છે પણ વ્યવહાર દ્વારા આત્મામાં જઈ શકાતું નથી.

જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે....વિભાવધારા તો પલટ્યા કરે છે, એકસરખો રાગ રહેતો નથી જ્યારે જ્ઞાનપિંડ આત્મા પલટતો નથી સદાય એવો ને એવો જ રહે છે—ધ્રુવપિંડ રહે છે. ચૈતન્ય આનંદપિંડ ધ્રુવ સત્ છે એમ બંનેના સ્વભાવની ભિન્નતા વડે તેને જુદાં જાણી લે! જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે!!

મુદ્દાની વાત આવી છે. વ્યવહાર હોય છે પણ વ્યવહાર દ્વારા ભગવાન આત્માને જુદો પાડી શકાતો નથી કેમકે વ્યવહારથી આત્મા ભિન્ન છે. શુભભાવ તો એટલો હોય કે જેના ફળમાં નવમી ગ્રૈવેઈક જાય, શુક્લલેશ્યાથી છઠ્ઠા, સાતમા, આઠમા આદિ સ્વર્ગમાં જીવ અનંતવાર જઈ આવ્યો છે, અભવિને પણ શુક્લલેશ્યા તો હોય છે પણ શુક્લલેશ્યા અને શુક્લધ્યાન જુદી ચીજ છે. શુક્લધ્યાન તો આઠમા ગુણસ્થાને ધ્યાનમાં પ્રગટ થાય છે. આમ શુક્લલેશ્યા અને શુક્લધ્યાનમાં મોટો ફેર છે.

પહેલાં સ્વભાવ અને વિભાવને જુદાં પાડવાનું કહ્યું. હવે કહે છે કે ભિન્ન હતાં માટે ભિન્ન પડે છે. સ્વભાવ તો વિભાવથી જુદો જ છે પણ તને ભાસતો નથી. સ્વભાવ ગજબ છે નાથ! તારી શક્તિ, તારું બળ, તારી વિચિક્ષણતા, તેની અચિંત્ય ધારા કોઈ અલૌકિક છે. દુનિયામાં મોટી સભા ભરીને માન આપે તેમાં કાંઈ માલ ન મળે. તે માન કાંઈ દેહ છોડીને જતાં સાથે નહિ આવે. અંદરમાં શાંતિ અને સમાધિ પ્રગટ કરી હશે તો શાંતિ સાથે આવશે. દુનિયામાં મેળવેલી આબરું, કીર્તિ કે પ્રશંસા બીજા ભવમાં સાથે નહિ આવે.

જ્ઞાતાધારા વડે સ્વભાવ ભિન્ન જાણી શકાય છે માટે નક્કી થાય છે કે સ્વભાવ ભિન્ન છે જ માટે ભિન્ન જણાય છે. રાગ અને જ્ઞાનની ધારા કદી એક થઈ નથી. સૂક્ષ્મ વાત આવી છે. સ્વભાવ અને વિભાવને ભિન્ન કર! કારણ કે ભિન્ન જ છે પણ તને ભિન્નતા ભાસી નથી. તારી દૃષ્ટિમાં દ્રવ્ય તરફ ઝુકાવ નથી અને અંતરમાં ઊંડે ઊંડી સૂક્ષ્મ રાગ તરફ તારો ઝુકાવ છે તેથી તને એમ લાગે છે કે મને રાગ ઘટી ગયો છે પણ રાગ ઘટ્યો નથી અને સ્વભાવની ભિન્નતા ભાસી નથી.

વિભાવ અને જ્ઞાયક જુદેજુદાં જ છે—જેમ પાષાણ અને સુવર્ણ ભેગા દેખાય છે પણ જુદાં જ છે તેમ, વિભાવ અને જ્ઞાયક ભેગા દેખાવાં છતાં જુદાં જ છે.

લોકોને આવી વાત સૂક્ષ્મ લાગે છે એટલે રસ ન આવે અને સ્થૂળ વાતમાં રસ આવે તેથી તેમાં જ જીંદગી પૂરી થઈ જાય. આ તો જેના મહાભાગ્ય હોય તેને આ વાણી કાને પડે. વાણી કાને પડે, વાત ખ્યાલમાં આવે પણ તેનાથી કામ થઈ

જવાનું નથી, કેમકે એ ખ્યાલ તો પરાધીનદશા છે. ધારણ થવા માત્રથી ભિન્ન પડી શકાતું નથી.

તો અમને કયાં લઈ જવા છે પ્રભુ ?—પ્રભુ ! તારી ઊંધી માન્યતાને મૂળમાંથી ઉખેડીને, સ્વભાવ અને વિભાવને જુદાં પાડીને સ્વભાવમાં આવવાનું છે. સ્વભાવ અને વિભાવ ભિન્ન જ છે. એકમેક થયા જ નથી પણ તારી માન્યતાએ ઊંધા ઘર કર્યા છે. વસ્તુ તો સહજ છે પણ તેને પકડવા માટે તે કદી સાવધાની કરી નથી, તેથી તને દુષ્કર લાગે છે. પથ્થર અને સુવર્ણ જેમ ભિન્ન છે તેમ સ્વભાવ અને વિભાવ તદ્દન ભિન્ન જ છે. તેને ભિન્ન ઓળખવા એ પહેલાંમાં પહેલું કર્તવ્ય છે બાકી બધું પછી છે.

જે ચીજ જોઈ નથી—વેદનમાં આવી નથી તેમાં સ્થિરતા કયાંથી આવે ! માટે, પ્રથમ વિભાવથી ભિન્ન નિજવસ્તુને દૃષ્ટિમાં લે, જ્ઞાનમાં–વેદનમાં લે પછી તેમાં સ્થિરતા થઈ શકશે.

પ્રશ્ન :—સોનું તો ચળકે છે એટલે પથ્થર અને સોનું જુદાં જણાય છે, પણ આત્મા અને રાગ કઈ રીતે જુદાં જણાય ?

ઉત્તર:—આ જ્ઞાન પણ ચળકે જ છે ને પ્રભુ ! શરીર અને રાગથી જુદું જ્ઞાન ચળકી રહ્યું છે. રાગાદિ વિભાવભાવ કાંઈ ચળકતા નથી. આત્મા જ્ઞાનના અસ્તિત્વથી ચળકે જ છે જેમ, પથ્થર ચમકતાં નથી અને સોનું ચળકે છે તેથી બંનેને જુદા પાડી શકાય છે તેમ, જ્ઞાન ચમકે છે અને રાગાદિ તો ચમકતાં નથી તેથી બંનેને જુદાં પાડી શકાય છે. જાણવું....જાણવું એ એક જ જેનું કાર્ય છે એવું જ્ઞાન ચમકી રહ્યું છે. રાગાદિમાં 'જાણવું' થતું નથી તેથી તે ચમકતા નથી. જાણવાવાળો આત્મા તો જ્ઞાનથી ચમકે છે. વિભાવ ચમકતાં નથી.

તેં તારામાં ધ્યાન આપ્યું નથી. ધ્યાન દઈને જો તો આત્મામાં સર્વત્ર જ્ઞાન ચમકી રહ્યું છે. જ્ઞાનની ચમક ચારેબાજુ ફેલાઈ રહી છે. પોતાને જાણવું, સર્વને જાણવું એ જ્ઞાનનો ચળકાટ છે. રાગ તો પોતે અંધ છે, રાગ જાણતો નથી માટે રાગ તો જડ છે. તેથી તે કાંઈ ચળકતો નથી. જ્ઞાનભગવાન તો રાગથી ભિન્ન રહીને ચમકે જ છે.

ભાષા બહુ થોડી છે પણ અંદરમાં માલ ભર્યો છે.

જ્ઞાનના ચળકાટમાં જ બધું જણાય છે. જ્ઞાનની ચમક વિના સોનાનો ચળકાટ

શેમાં જણાય ? જ્ઞાન વિના સોનાને કોણ જાણે ?

મનુષ્યદેહ મળ્યો છે તેમાં આ ભેદજ્ઞાન કરવું એ જ કરવાનું છે. આ મુદ્દાની વાત છે. બાકી દુનિયાની હોળી તો એક બાજુ મૂકી દેવા જેવી છે.

સોનાની ચમકને પણ જ્ઞાન જાણે છે તો જ્ઞાન પોતાની ચમકને તો જાણે જ ને ! પોતાની ચમકને જાણવાની જરૂર છે તેમાં કોઈ રાગ કે વિકલ્પની જરૂર નથી.

પથ્થર અને સોનાનું દૃષ્ટાંત આપ્યું. હવે બીજું દૃષ્ટાંત સાચા અને ખોટા મોતીનું આપે છે. જેમ સાચા મોતી અને ખોટા મોતી ભેગાં હોય તો મોતીનો પારખું બેમાંથી સાચા મોતીને જુદાં પાડી લે છે. પારખું ન હોય તે તો બધાં મોતીને સાચા માનીને લઈ લેશે પણ મોતીને પારખનારો તો અંદરથી સાચા મોતીને જ લેશે. પારખવા ઉપર વજન છે. મોતીની પરીક્ષા કરનારો સાચા મોતી જ ઉપાડશે.

પહેલાંના સમયમાં સોનીની દુકાને ધૂળધોયા આવતાં તે દુકાન પાસે પડેલી ધૂળમાંથી સોનાની કટકી, પીત્તળની કટકી અને કાચની કટકીને જુદી પાડી દેતાં. કાચ અને પીત્તળ કરતા સોનું વજનદાર હોય છે તે ઉપરથી ધૂળમાંથી ધૂળધોયા સોનું કાઢી આપતાં. અહીં તો ભગવાન આત્માની દુકાને મોટા ભગવાન બિરાજે છે પણ તને પરખતાં આવડતું નથી. જ્ઞાનની ચમકથી ચમકતો એકલો પરમાત્મા બિરાજે છે. રાગને પણ જાણવાવાળો તે ભગવાન જ્ઞાનસ્વભાવ જ છે પણ તેમાં રાગ નથી.

જાણવાવાળામાં દયા, દાનના પરિણામ નથી અને દયા-દાનના પરિણામમાં જાણવાવાળો નથી. બંને તત્ત્વ ભિન્ન છે પણ તેને પારખવાની શક્તિ જેણે પ્રગટ કરી હશે તે પારખી લેશે. પરખ (પરીક્ષાશક્તિ) ઉપર વજન છે. પરખ વિના તો બેખબરો જ્ઞાનની ચમકને ઓળખી શકતો નથી.

આ બેનના શબ્દો છે. અનુભવમાંથી આવેલાં છે. અલૌકિક વિધિ બતાવી છે. સૂક્ષ્મ ઉપયોગ કરીને જ્ઞાનની ચમકથી જ્ઞાનને અને રાગને જુદાં પાડી દેવા. પ્રજ્ઞાથી આત્માને ગ્રહી લેવો કે જાણવાવાળો જે છે તે હું છું. જે જણાય છે તે ચીજ હું નથી પણ જાણવાવાળો હું છું એવું ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન એ પ્રથમમાં પ્રથમ કરવાની ચીજ છે, તેને બદલે જીવ બહારની વાતોમાં અને ક્રિયામાં અટવાઈ ગયો. જે શ્રદ્ધા-જ્ઞાનનો પ્રયત્ન કરવાનો હતો તે રહી ગયો.

ઉપયોગને સૂક્ષ્મ કરીને આ હું જાણવાવાળો રાગાદિથી જુદો જ છું એમ ગ્રહણ કરી લે. આત્માને અને રાગાદિને આ રીતે જુદાં પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે.

'પ્રજ્ઞાથી જ થાય' એમ એકાંત કર્યું છે. વ્રત, તપ, જપ આદિ ભલે હોય પણ તે સાધન થતાં નથી. સાધન તો પ્રજ્ઞા જ છે.

પ્રશ્ન :—'પ્રજ્ઞા' એટલે શું ?

પૂજ્યશ્રી :—'પ્ર' એટલે વિશેષે 'જ્ઞ' એટલે જાણવાવાળો. પરની અપેક્ષા રાખ્યા વિના પોતાની ચમકથી પોતાના જ્ઞાનને અને રાગને ભિન્ન પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી થાય છે. આ કાર્ય ભલે સૂક્ષ્મ લાગે પણ સૂક્ષ્મમાર્ગ પકડ્યા વિના જન્મ-મરણનો અંત આવે તેમ નથી. જન્મ-મરણના અંત વિના તો અવતાર ઉપર અવતાર થયા કરશે. વાદીરાજ મુનિરાજ કહે છે કે પૂર્વભવોની વેદના યાદ કરીએ છીએ ત્યાં અમારાં હૃદયમાં આયુધના ઘા વાગે છે. એવી વેદના પૂર્વે જીવે નરકાદિ ભવોમાં ભોગવી છે. ક્યારેય વિચાર પણ ક્યાં કર્યો છે કે મેં કેવા દુઃખ ભોગવ્યાં છે ?

'પ્રજ્ઞા' જ સાધન છે. રાગની મંદતા, વ્રત, તપાદિ ક્રિયા ત્યાગાદિ કોઈ સાધન થતા નથી. નિશ્ચયથી વાત એમ છે કે પરનો ત્યાગ કે ગ્રહણ આત્મા કરે છે એમ માનવું એ મિથ્યાત્વ છે કારણ કે આત્મામાં 'ત્યાગ ઉપાદાન શૂન્યત્વ' શક્તિ ત્રિકાળ રહેલી છે. તેથી પરનો ત્યાગ કે ગ્રહણ આત્મા કરતો જ નથી. એ તરફ તો ધ્યાન નથી અને બાહ્યત્યાગ ઉપર વજન આપે છે પણ તે કાંઈ આત્મ-અનુભવનું સાધન નથી.

'પ્રજ્ઞા એટલે જ્ઞાનની છીણી' રાગ અને જ્ઞાનની સૂક્ષ્મ સાંધમાં પ્રજ્ઞાને પટકવાથી રાગ અને જ્ઞાન જુદાં પડી જાય છે. રાગ અને જ્ઞાન સ્વભાવથી ભિન્ન જ છે તેથી ભિન્ન પડી જાય છે. જો એકમેક હોય તો જુદાં પડી ન શકે. જેમ સોનું અને તેની પીળાશ કદી જુદાં પડે છે ? નથી પડતાં કેમકે સ્વભાવથી એકમેક છે તેમ, આત્મા અને પ્રજ્ઞા કદી જુદાં પડતાં નથી કેમકે એક સ્વભાવ છે. પ્રજ્ઞા વડે જ રાગને આત્માથી જુદો પાડી શકાય છે.

આ તો બેન રાત્રે વાંચનમાં બોલ્યા હશે, એ દીકરીયુંએ લખી લીધું અને બહાર આવી ગયું.

.....સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ—સુખબુદ્ધિ તૂટી જાય છે. જ્ઞાન અને આનંદ એ ભગવાન આત્માનો ત્રિકાળસ્વભાવ છે તેની મહિમા આવે તો બીજા સર્વ પરપદાર્થની મહિમા છૂટી જાય. કોઈની અધિકતા ન લાગે. પરપદાર્થની મહિમા તો છૂટે પણ રાગમાં કાંઈક અધિકતા લાગતી હોય કે રાગની મંદતા કરતાં કરતાં ધર્મ થઈ જશે એવી મિથ્યા માન્યતા પણ પ્રજ્ઞાછીણી વડે છૂટી જાય છે. વ્યવહારરત્નત્રય

પ્રત્યે પણ રસબુદ્ધિ–સુખબુદ્ધિ ઊડી જાય છે. સ્વભાવમાં જ તેનું વલણ જાય છે. ચૈતન્યનો 'સ્વ'ભાવ 'સ્વ-રૂપ' જ્ઞાન અને આનંદ છે તેને ઓળખે તેને સ્વભાવનો જ રસ લાગે છે, સ્વભાવમાં જ સુખ લાગે છે, બીજા બધામાં દુઃખ લાગે છે, નીરસતા લાગે છે–શુભભાવમાં પણ રસ લાગતો નથી.

આમ, એક પોતાના સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય છે. રાગનો વિકલ્પ અને મારો સ્વભાવ બંને એક નથી પણ જુદાં છે એમ ભેદજ્ઞાન થાય છે. એમ ન બને કે પરમાં તીવ્ર રુચિ હોય અને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. બહારની રુચિવાળાને જ્ઞાન અને રાગ વચ્ચેની સૂક્ષ્મ સાંધ પકડાતી જ નથી.

❀ અરેરે ! બહારની હોંશ કરે છે તે આત્માની શાંતિનો ઘાત કરે છે. આત્માને ઘાયલ કરે છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો ! અનંત તીર્થંકરો ને અનંત કેવળીઓ જે કહેતાં આવ્યા છે તે આ વાત છે. ભાઈ ! તું કોણ છો ? કેવડો છો ?—અનંત શક્તિનો નાથ જ્ઞાયકપ્રભુ છો, તેને અનુભવમાં લઈને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે નિર્જરા છે. પૂર્ણાનંદના નાથને ધ્યેય બનાવીને આનંદનો અનુભવ કર, એ જ કરવાનું છે, એ કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુને આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી. કરવા જેવું તો આ જ છે. અરે ! ૮૪ લાખ યોનિના ભવાબ્ધિમાં ક્યાંય પત્તો નહિ ખાય. એ દુઃખથી છૂટવાનો આ જ માર્ગ છે, આ જ કરવા જેવું છે. અરે ! આ ભવ હાલ્યો જાય છે ! આ અમૂલ્ય વખત એમ ને એમ વેડફાઈ જાય છે. ભાઈ ! આયુષ્ય પૂરું થતાં શું થશે ?—માટે આ કરી લેવા જેવું છે, તે આજે જ કરી લે.

—*પૂજ્ય ગુરુદેવશ્રી*

# સમકિતીને શાંતિનું ઝરણું હાથ આવ્યું છે

('બહેનશ્રીનાં વચનામૃત' બોલ નં. ૧૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(બીજીવારના પ્રવચન નં. ૧૨)

જીવને અટકવાના જે અનેક પ્રકાર છે તે બધામાંથી પાછો વળ અને માત્ર ચૈતન્યદરબારમાં જ ઉપયોગને લગાડી દે. ચોક્કસ પ્રાપ્તિ થશે જ. અનંત અનંતકાળથી અનંતજીવોએ આવી જ રીતે પુરુષાર્થ કર્યો છે. માટે તું પણ આમ કર....

અનાદિકાળથી જીવને કાંઈક કાંઈક શલ્ય રહ્યાં કરે છે. સાક્ષાત્ ચૈતન્યના આનંદનો અનુભવ ન હોય અને માની લેવું કે મને તો આત્મા અનુભવમાં આવી ગયો છે તે પણ એક અટકવાનો પ્રકાર છે. એવા તો અનેક પ્રકારમાં જીવ અટકતો હોય છે. તેમાં હું કયાં અટકું છું એ તો પોતે વિચાર કરીને નક્કી કરે તો ખ્યાલમાં આવે. હું કઈ ભૂલમાં રોકાઈ જાઉં છું, કયાં મહાનતા માની લઉં છું? એ બધું પોતે નક્કી કરવું જોઈએ.

આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે. તે અતીન્દ્રિય આનંદના વેદન વિના, બાહ્યક્રિયા નિરર્થક છે. વ્રત પાળે, બ્રહ્મચર્ય પાળે, કંઈક આચરણ આચરે તેમાં તેને એમ લાગે કે અમે ધર્મ કરીએ છીએ એટલે ત્યાં જ અટકી જાય છે. કોઈ વળી જ્ઞાનના ઉઘાડમાં—જાણપણામાં રોકાઈ જાય છે.

અહીં કહે છે પ્રભુ! તું આ અટકવાના પ્રકારોથી વિમુખ થા. અનંતકાળે મળવું દુર્લભ એવું મનુષ્યપણું મળ્યું છે તેમાં એથી પણ દુર્લભ એવી જિનવાણી સાંભળવા મળી છે તો કયાંય રોકાયા વિના જ્યાં અનંત ચમત્કૃતિ રહેલી છે એવા ચૈતન્યદરબારમાં ઉપયોગને લગાડી દે અને તેનું જ વેદન કર! એ વેદન વિના જન્મ-મરણનો અંત નહિ આવે. દિગંબર સાધુ થઈને, લાખો વર્ષ સુધી અઠ્ઠાવીસ મૂલગુણ પાળ્યાં પણ આત્મજ્ઞાન વિના ભવનો અભાવ ન થયો. માટે હવે બીજી સર્વ કલ્પના છોડીને તારા ઉપયોગને ચૈતન્યદરબારમાં લગાડી દે. અનંતકાળમાં આ કાર્ય તે કર્યું નથી. આ એક જ તારું કાર્ય છે.

અંતરમાં અનંત આનંદ, અનંત શક્તિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા આદિ અનંત ગંભીર શક્તિઓનો સમુદ્ર ભર્યો છે તેમાં ઉપયોગ લગાડી દે, એ વિના બધું ફોગટ જશે,—ભવનો અભાવ નહિ થાય. ચૈતન્યનો ઉપયોગ વ્રત, ભક્તિ, પૂજામાં

જાય છે એ તો બધો શુભભાવ છે, ધર્મ નથી. ચૈતન્યદરબારમાં ઉપયોગ લગાવ તો જરૂર સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે, બીજા કોઈ ઉપાયથી પ્રાપ્તિ નહિ થાય.

અનંત અનંતકાળથી અનંતજીવોએ આ રીતે જ પુરુષાર્થ કર્યો છે અને મુક્તિ પામ્યા છે માટે તું પણ આમ કર! અંતર આનંદમાં ઉપયોગ લગાવવો એ દુર્લભ છે પણ અશક્ય નથી કેમકે અનંતજીવો અંતરમાં ઉપયોગ લગાવીને મુક્તિને પ્રાપ્ત થયા છે.

....અનંત અનંત કાળ ગયો, જીવ કયાંક કયાંક અટકે જ છે ને! અટકવાના તો અનેક અનેક પ્રકાર છે પણ સફળ થવાનો એક જ પ્રકાર છે. ચૈતન્યદરબારમાં પ્રવેશ કરીને તેનો અનુભવ કરવો તે એક જ સફળ થવાનો પ્રકાર છે, બાકી બધાં અટકવાના પ્રકાર છે.

બહારમાં પણ રાજદરબારમાં જવું હોય તો બહુ સભ્યતા જોઈએ છે. ખુલ્લા કપડાં પહેરીને ગમે તેમ રાજા પાસે ન જવાય. તેમ અંતરમાં આત્મદરબારમાં જવું હોય તો બધાં વિકલ્પોને છોડીને અંતરમાં જવાય. આત્મશ્લાઘા કે આત્મપ્રશંસા કરતાં કરતાં અંદર ન જવાય. માટે એ બધું છોડી દે પ્રભુ!

પોતે કયાં અટકે છે તે જો, પોતે ખ્યાલ કરે તો બરાબર જાણી શકે. આ વાત જરા ઝીણી પડે પણ મૂળ રકમ છે. બેનની પાસે કોઈ વખતે આવી વાત નીકળી હોય તેમાંથી લખાઈ ગઈ છે. અતીન્દ્રિય આનંદના અનુભવમાંથી નીકળેલી વાણી છે. બહારની ખ્યાતિ, પૂજા, લાભ, મોટપ અને મહિમા જોઈને દુનિયા તો એને મોટો કહીને ચડાવી દે પણ તેનાથી અંતરમાં આત્માનો અનુભવ ન થાય.

આ શરત મૂકી છે કે પોતે ખ્યાલ કરવા માંગે તો તેને સમજાય કે હું કયાં અટકું છું. વિચાર કરે તો ખ્યાલમાં આવી શકે છે પણ વિચાર જ ન કરે તો પોતાની ભૂલ પોતાને પકડાય નહિ.

દ્રવ્યલિંગી મુનિ થઈને પણ જીવ કયાંક સૂક્ષ્મપણે અટકી જાય છે. શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે. બાલબ્રહ્મચારી હોય તેથી શું! કાયાની ક્રિયા રોકાણી છે પણ આત્મા કાંઈ બ્રહ્મસ્વરૂપમાં આવ્યો નથી. બાલબ્રહ્મચારી અનંતવાર થયો છે પણ એ તો પરલક્ષી શુભભાવ છે. આત્માના આનંદમાં ચરવારૂપ બ્રહ્મચર્ય એણે કદી લીધું નથી. દ્રવ્યલિંગ લઈને રાગની મંદતા તો ઘણી કરી પણ દૃષ્ટિ મિથ્યા રહી ગઈ તેથી રાગની મંદતામાં જ સંતોષાઈ ગયો કે અરે! હું તો અઠ્યાવીશ મૂળગુણ પાળુ છું,

હજારો રાણી છોડી દીધી, રોજની અબજોની પેદાશ છોડી દીધી, બધું ત્યાગીને મુનિપણું બરાબર પાળું છું એવા ભાવમાં અટકી ગયો. શુભભાવની મીઠાશમાં રોકાઈ ગયો—બસ આ જ હું છું, આ જે હું કરી રહ્યો છું તે જ ખરો મોક્ષમાર્ગ છે એમ કોઈને કોઈ પ્રકારે અટકી જાય છે.

મેં કાંઈક વ્યવહાર તો કર્યો....વ્યવહાર કરતાં કરતાં એકવાર કલ્યાણ થઈ જશે એમ અનાદિથી જીવ મિથ્યાત્વમાં રોકાઈ ગયો છે. મિથ્યાત્વનું ઝેર બહુ આકરું છે. સંયોગો તો અનંતવાર છૂટયાં પણ મિથ્યાત્વ એકવાર પણ છૂટયું નથી. મને રાગની મંદતા છે. દુનિયાની મને દરકાર નથી એમ અભિમાન કરે છે પણ અંતરમાં વિકલ્પોની સાથે એકતા તો પડી છે તેનું શું? રાગમાં એકત્વ પડ્યું છે એ જ મિથ્યાત્વ છે. તેને તો જોતો નથી. મને વિકલ્પની એકતા તો હજુ તૂટી નથી એમ કેમ જોતો નથી? હું જ્ઞાયક છું, શુદ્ધ છું, અખંડ છું એવા વિકલ્પમાં એકતા રહે છે તે પણ મિથ્યાત્વ છે તો સ્થૂળ વિકલ્પોની એકતાનું શું કહેવું!

અંતરમાં ભગવાન અને વિકલ્પ ભિન્ન છે તેની ભિન્નતા તો ભાસી નથી, શાંતિ તો મળી નથી તેનું કારણ શું એ તો તપાસતો નથી અને પાપભાવ ત્યાગ્યો તેમાં 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઈ જાય છે પણ અંતરમાં વિકલ્પ તૂટયા વિના શાંતિ નહિ મળે પ્રભુ! અને શાંતિ મળ્યા વિના સમ્યગ્દર્શન નહિ થાય.

આ તો પ્રભુના ઘરનો મારગ છે તે બેન દ્વારા કહેવાયો છે.

મને વિકલ્પની એકતા તૂટી નથી તેથી શાંતિ મળી નથી એમ તો જોતો નથી. પાપભાવ છોડ્યા એમાં બધું થઈ ગયું એમ માને છે પણ પૂર્વે પાપભાવ તો અનંતવાર છૂટયા છે. નવમી ગ્રૈવેઈક જાય તેવા નિરતિચાર વ્રતાદિના પાલન કર્યાં છે, દેવ—શાસ્ત્ર—ગુરુની શ્રદ્ધા કરી પણ આત્માની શ્રદ્ધા કદી કરી નથી.

વ્યવહારના પ્રકાર તો અનેક હોય છે, તેનું પાલન હોય છે પણ તે કોઈ આત્માનું સાધન નથી. વ્યવહાર વિના નિશ્ચય કહી શકાતો નથી—સમજાવી શકાતો નથી પણ વ્યવહાર દ્વારા નિશ્ચયને સમજવાનો છે. વ્યવહારથી સંતોષાઈ જવાનું નથી. સાચા આત્માર્થીને અને સમ્યગ્દષ્ટિને તો મારે હજુ ઘણું બાકી છે એમ રહ્યા કરે છે. ક્યાં ચારિત્ર! ક્યાં ક્ષપક શ્રેણી! ક્યાં કેવળજ્ઞાન અને ક્યા મારી આ દશા! મારે તો હજુ ઘણું બાકી છે એમ પૂર્ણતા સુધી ભાવના રહ્યાં જ કરે છે.

અંતર આનંદમાં રમવું તે ચારિત્ર છે—ચરવું તે ચારિત્ર છે. લીલા ઘાસને ગાય

ઉપર ઉપરથી ખાય છે તેથી ફરી ઘાસ ઉગવાનો અવકાશ રહે છે, ગધેડાં તો મૂળમાંથી ચરે છે તેથી ફરી ઘાસ ઉગતું નથી તેમ, સમકિતીને હજુ અંતરમાં ચારિત્ર ઉંડાણથી થયું નથી, હજુ ઘણું કરવાનું બાકી છે, સમકિત થયું, આત્મજ્ઞાન થયું તોપણ હજુ મૂળ ચારિત્રનું કામ બાકી છે તેથી સમકિતીને એમ થાય કે હું તો પામર છું, મારે તો હજુ ઘણું કરવાનું બાકી છે.

સ્વામી કાર્તિકેયમાં તો શ્લોક છે કે કેવળજ્ઞાન પાસે અમે તો પામર છીએ. એમ ક્ષણમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતાં મુનિરાજ કહે છે. એક દિવસમાં હજારોવાર સાતમુ ગુણસ્થાન આવી જાય છે. વ્યાખ્યાન કરતાં કરતાં આવી જાય, ચાલતાં ચાલતાં આવી જાય, ખાતાં ખાતાં આવી જાય. બહારમાં લોકોને એમ દેખાય કે આ ક્રિયા ચાલી રહી છે પણ અંતરમાં મુનિરાજ આનંદમાં ચાલ્યા ગયાં હોય છે.

આમ, સમકિતી, મુનિ આદિને પૂર્ણતા ન થાય ત્યાં સુધી મારે હજુ ઘણું (કામ કરવાનું) બાકી છે એમ ભાવના રહ્યાં કરે છે, તેથી જ પુરુષાર્થ અખંડપણે ટકી શકે છે. જે દશા પ્રગટ થઈ છે તેનો ગર્વ કે અભિમાન આવતું નથી. આ તો પામરદશા છે એમ થાય છે. દ્રવ્યે હું પ્રભુ છું પણ પર્યાયમાં હું પામર છું એમ મુનિ પોતે લખે છે. સ્વામી કાર્તિકમાં આવો પાઠ છે. મારે ઘણું કરવાનું બાકી છે. એમાં હું શું કરી લીધાનો સંતોષ કરું ?

અજ્ઞાની કાંઈ થયા વગર ઘણું કર્યું માનીને સંતોષાય જાય છે જ્યારે જ્ઞાની, મુનિ અતીન્દ્રિય શાંતિને અનુભવતાં છતાં મારે ઘણું બાકી છે એમ માને છે આટલો મોટો બેમાં ફેર છે. જ્ઞાનીને ઘણું કરવાનું બાકી છે. એવી ભાવના હોવાથી જ તેનો પુરુષાર્થ સ્વભાવ તરફ અખંડપણે ચાલ્યા જ કરે છે.

ભાષા કેવી આવી ગઈ છે ! બેનને કાંઈ ખબર નહિ કે કોઈ લખી લ્યે છે અને બહાર આવશે, બહાર પડવાની ભાવના જ નહિ, ધર્મરતન છે, ભગવતીસ્વરૂપ છે, ભગવતીમાતા છે.

ગૃહસ્થાશ્રમમાં સમકિતીએ મૂળ આત્મતત્ત્વને તો પકડી લીધું છે જેમાં અશુદ્ધતા નથી, અલ્પતા નથી, આવરણ નથી, મહત્તા નથી, વિપરીતતા નથી એવા ચૈતન્યપિંડને સમકિતીએ પકડી લીધું છે તે મૂળ છે. લોકોને તો વ્યવહારની વાત સારી લાગે, આટલી ક્રિયા કરી, હવે આમ કરવાનું છે...એમ ક્રિયામાં રસ આવે પણ નિશ્ચયની વાત કઠણ લાગે, ભાઈ ! તારામાં અનંત પુરુષાર્થ છે તારા માટે શું કઠણ હોઈ શકે !

સમકિતીએ દૃષ્ટિ અપેક્ષાએ બધું કરી લીધું છે, અસ્થિરતારૂપ ડાળા-પાંદડાં જરૂર સુકાઈ જશે. જેણે મૂળને પકડ્યું છે તેને ડાળા-પાંદડાં તો સૂકાઈ જ જાય. ષટ્ખંડાગમમાં પાઠ છે કે મુનિને કેવળજ્ઞાન થવા પહેલાંનાં છેલ્લાં અંતર્મુહૂર્તમાં હજારોવાર છઠ્ઠા–સાતમું ગુણસ્થાન આવે છે તેમાંથી એકદમ અંતરમાં લીન થઈ જાય ત્યાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે–જ્ઞાનસામર્થ્ય, આનંદસામર્થ્યથી ભરેલું સત્વ ખીલી નીકળે છે.

જો હજુ પામરદશામાં પ્રભુતા માની લઈશ તો પર્યાયમાં પ્રભુતા આવશે જ નહિ. નિર્મળતા પ્રગટ થવા છતાં પામરતા લાગે છે તેનો જ પુરુષાર્થ ચાલુ રહે છે અને પૂર્ણતાને પહોંચે છે.

આ તો કોઈએ ચિઠ્ઠી લખીને મૂકી છે કે શિક્ષણશિબિરમાં આ....આ....બોલ વાંચજો, અમારે આ સાંભળવાનો ભાવ છે. ગમે તેણે લખ્યું હોય....આત્મા છે ને....આપણે આ વાંચશું.

જેણે મૂળ પકડ્યું તેના રાગાદિ અચારિત્રના પત્તા જરૂર સૂકાઈ જશે, રહેશે નહિ. તેને ચારિત્ર અને કેવળજ્ઞાન થઈ જશે. દ્રવ્યલિંગી સાધુએ તો મૂળને જ પકડ્યું નથી. અરૂપી આનંદઘન સત્ મહાવસ્તુ જે અતીન્દ્રિય આનંદનું દળ છે તેને દૃષ્ટિમાં લીધું નથી. સાધારણ પ્રાણીએ તો તેની વાત પણ સાંભળી ન હોય. મૂળની વાત ઓછી ચાલે છે. જેણે મૂળ ચૈતન્યતત્ત્વને પકડ્યું નથી તેણે કાંઈ કર્યું જ નથી. સમકિતીએ મૂળને પકડ્યું છે તો ચારિત્રનો દોષ છે તે પણ નાશ પામી જશે.

ઋષભદેવ ભગવાન ક્ષાયિક સમકિતી હતા છતાં ૮૩ લાખ પૂર્વ સુધી તો ગૃહસ્થાશ્રમમાં રહ્યાં. એક પૂર્વમાં ૭૦ લાખ ૫૬ હજાર કરોડ વર્ષ જાય છે એવા ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં. સમકિત તો લઈને આવ્યા હતાં પણ ચારિત્ર ૮૩ લાખ પૂર્વ પછી આવ્યું પણ સમકિત છે તેને ચારિત્ર આવ્યા વગર રહેતું નથી.

બાહ્યદૃષ્ટિ લોકોને ભલે એમ લાગે કે સમકિતીને હજુ ઘણું બાકી છે અને દ્રવ્યલિંગી મુનિએ તો ઘણું કરી લીધું.....એમ લોકોને લાગે પણ ખરેખર એમ નથી. દ્રવ્યલિંગી મુનિ પરિષહ સહન કરે છે પણ અંતરમાં પરથી અને રાગથી એકત્વબુદ્ધિ તૂટી નથી, કર્તૃત્વબુદ્ધિ તૂટી નથી. સમ્યગ્દર્શન થયા વિના રાગનો કર્તા હું છું અને રાગ મારું કાર્ય છે એવી મિથ્યાબુદ્ધિ છૂટતી નથી. સમકિત વિના ઊંડે ઊંડે પણ રાગ કરવા જેવો છે એવી બુદ્ધિ રહી જાય છે જ્યારે સમકિતીને તો આત્મજ્ઞાન થતાં જ રાગની કર્તાબુદ્ધિ છૂટી ગઈ છે, એ તો રાગનો જાણનારમાત્ર રહે છે. રાગ આવે છે માટે તેનું જ્ઞાન થાય છે–એમ પણ નહિ. મારી જાણવાની શક્તિ છે માટે મને જ્ઞાન

થાય છે. મારામાં સ્વ-પરપ્રકાશક શક્તિ છે માટે જ્ઞાન થાય છે એમ સમકિતી જાણે છે. દ્રવ્યલિંગીને તો અંતરમાં સૂક્ષ્મ વિકલ્પ શું છે, તેમાંથી કેમ છૂટું પડવું તેની ખબર જ નથી. સૂક્ષ્મ વિકલ્પમાં મારી એકત્વબુદ્ધિ કેવી રીતે રહે છે તેની સૂઝ-બૂઝ અજ્ઞાનીને હોતી નથી.

આમ, સમ્યક્ અંતરદર્શન વિના અંદરમાંથી રાગની કર્તૃત્વબુદ્ધિ તૂટતી નથી.

**કરૈ કરમ સોઈ કરતારા, જો જાનૈ સો જાનનહારા,**
**કર્તા સો જાનૈ નહિ કોઈ, જાનૈ સો કર્તા નહિ હોઈ.**

જ્ઞાયક મહા પ્રભુ ભગવાનના પડખે ગયા વિના રાગની કર્તાબુદ્ધિ છૂટતી નથી એટલે મિથ્યાત્વ છૂટતું તો નથી પણ તેનું પોષણ થયા કરે છે. રાગની કર્તૃત્વબુદ્ધિમાં મિથ્યાત્વને પોષણ મળ્યા જ કરે છે. સમ્યગ્દષ્ટિને રાગ તો આવે છે, લડાઈ પણ કરે છે પરંતુ રાગની કર્તાબુદ્ધિ નથી, રાગમાં સ્વામિત્વબુદ્ધિ નથી તેથી રાગની કર્તાબુદ્ધિ થતી નથી અને ધ્રુવ ઉપર દૃષ્ટિ પડી છે તે ખસતી નથી.

મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી જેવા સાધુ ધર્મી નામ ધરાવે પણ અતીન્દ્રિય આનંદનો અંશ પણ આવ્યો નથી તેથી પરિષહાદિ સહન કરે છે તેમાં આકુળતા વેદાય છે. અંદરમાં આનંદની શક્તિ તો પૂરી પડી છે પણ વ્યકતતા થઈ નથી અને રાગની કર્તાબુદ્ધિ છૂટી નથી તેથી દુઃખને વેદે છે. તેણે ધર્મના નામે ઘણી ક્રિયા કરી હોવા છતાં કાંઈ કર્યું નથી. સૂક્ષ્મપણે અંદરમાંથી રાગની એકત્વબુદ્ધિ છૂટી નથી, શાંતિનું ઝરણું હાથ આવ્યું નથી તેથી આકુળતા રહે છે.

ભરતેશ વૈભવમાં લેખ છે કે ભરત હંમેશા સેંકડો રાણીને પરણતા હતા છતાં ક્ષાયિક સમકિતી હોવાથી અંતરમાં વિરક્ત હતા. સમકિતીને મૂળ તત્ત્વ હાથમાં આવી ગયું હોવાથી આવી દશા હોય છે અને મિથ્યાદૃષ્ટિને મૂળતત્ત્વના ભાવ વિના, ઘણો ત્યાગ કર્યો હોવા છતાં, ઘણી કડક ક્રિયા આદિ પાળવાં છતાં અંતરમાંથી આનંદ આવતો નથી, શાંતિ વેદાતી નથી, આકુળતા વેદાય છે. આમ અનાકુળ આનંદકંદ ભગવાન આત્મા અને રાગની આકુળતાની અંતરમાંથી ભિન્નતા ભાસ્યા વગર કલ્યાણ થતું નથી. લોકો ભલે માને કે આણે ઘણું કર્યું પણ અજ્ઞાનીએ કાંઈ કર્યું નથી.

# "યોગ્યતા"

અહા ! જુઓ તો ખરા ! જગતના જીવોના પરિણામની વિચિત્રતા ! !

આજે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ છે. જુઓ, સમવસરણ શું ચીજ છે અને તેને કબૂલનારે કેટલું કબૂલ કરવું જોઈએ ?—કે જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; અનાદિથી આત્મા પોતાના સ્વભાવનું ભાન ભૂલીને ચાર ગતિમાં રખડતો હતો; પછી આત્માનું યથાર્થ ભાન કર્યું ને પૂર્ણ વીતરાગતા ન થઈ ત્યાં રાગ રહ્યો; તે રાગમાં કોઈ જીવને એવો શુભરાગ હોય કે તીર્થંકરનામકર્મ બંધાય છે. કોઈ જીવ એમ માને કે ''મારે તીર્થંકર થવું છે માટે હું શુભરાગ કરીને કે સોળકારણ ભાવના ભાવીને તીર્થંકરનામકર્મ બાંધુ''—તો એમ તીર્થંકર થવાતું નથી. તીર્થંકરનામકર્મ જેનાથી બંધાય એવો રાગ સમ્યગ્દષ્ટિની ભૂમિકામાં જ આવે છે પણ ધર્મીજીવને તે રાગની કે તીર્થંકરનામકર્મની ભાવના હોતી નથી.

સમકિતી જીવોમાં પણ બધાયને તીર્થંકરનામકર્મ નથી બંધાતું. બધા સમકિતી જીવોને રાગ એક સરખો નથી હોતો. રાગ તે આત્માના ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે. સ્વભાવના ભાનની ભૂમિકામાં પણ વીતરાગતા ન થાય ત્યાં સુધી રાગ હોય છે પણ તેમાં જેના નિમિત્તે તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો રાગ તો અમુક જીવને જ હોય છે. ત્યાર પછી તે રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરી સર્વજ્ઞ થાય ત્યારે જ તે તીર્થંકરનામકર્મનો ઉદય આવે છે અને ઇંદ્ર વગેરે આવીને તે તીર્થંકરના દૈવી સમવસરણની રચના કરે છે. આવું સમવસરણ અત્યારે આ ભરતક્ષેત્રમાં નથી પણ જ્યારે અહીં મહાવીર પરમાત્મા બિરાજતા હતા ત્યારે સમવસરણ હતું ને દેવો આવીને ભગવાનની સેવા–ભક્તિ કરતા હતા. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા તીર્થંકરપણે બિરાજે છે. તેમને આવું સમવસરણ છે. અહીં તો (–સોનગઢમાં) તેનો નમૂનો છે.

જુઓ, સમવસરણને સ્વીકારતા કેટલું સ્વીકારવાનું આવ્યું ?

આત્મા છે તે એક જ નથી પણ ભિન્ન ભિન્ન અનંત આત્માઓ છે.

તેની અવસ્થામાં વિકાર છે.

તે વિકારના નિમિત્તે કર્મ બંધાય છે એટલે કે જગતમાં અજીવતત્ત્વો પણ છે.

તીર્થંકરનામકર્મ અમુક જીવને જ બંધાય છે, બધાને બંધાતું નથી એટલે જીવોના પરિણામની વિચિત્રતા છે.

રાગ ટળીને સર્વજ્ઞદશા પ્રગટે છે ને એવી સર્વજ્ઞદશામાં તીર્થંકર ને સમવસરણ હોય છે.

આ ક્ષેત્ર સિવાય મહાવિદેહ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો પણ છે જ.

—આ બધી કબૂલાત આવે ત્યારે સમવસરણને માની શકે.

જગતમાં અનંત આત્માઓ ભિન્ન ભિન્ન છે; દરેક આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વભાવ છે, તે ત્રિકાળ છે અને ક્ષણે ક્ષણે તેની અવસ્થા પલટે છે. તે અવસ્થામાં શ્રદ્ધા જ્ઞાન સાચા થવા છતાં ચારિત્રગુણની અવસ્થામાં વિપરીતતા પણ રહે છે. ચારિત્રની વિપરીતતાથી રાગ થાય છે. તે રાગ દરેક જીવને એક સરખો નથી હોતો, પણ તેમાં દરેક આત્માને તારતમ્યતા હોય છે, કોઈને અમુક પ્રકારનો રાગ આવે ને કોઈને બીજા પ્રકારનો રાગ આવે. કોઈ જીવ એમ માને કે ''મારે અમુક જ પ્રકારનો રાગ કરવો છે'' તો તે જીવ રાગનો કર્તા થાય છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે.

હું જ્ઞાનમૂર્તિ છું, રાગનો એક અંશ પણ મારું સ્વરૂપ નથી—એમ જેને આત્માનું ભાન થયું હોય પણ હજી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, તેવા જીવોમાં જે જીવ તીર્થંકર થવાને લાયક હોય તેને જ તીર્થંકરનામકર્મ બંધાય એવી જાતના પરિણામ આવે છે ને તેને જ તીર્થંકરનામકર્મ બંધાય છે. જુઓ, અંદરમાં રાગરહિત સ્વભાવનું ભાન, છતાં પર્યાયમાં ચારિત્રની નબળાઈનો રાગ, અને તેમાં પણ એવો રાગ કે જેના નિમિત્તે સામે તીર્થંકરપ્રકૃતિરૂપે પરિણમવાની લાયકાતવાળા પરમાણુઓ તથા તેના ફળમાં સમવસરણની રચના બને અને આત્માની પૂર્ણ વીતરાગદશા થતાં સમવસરણની વિભૂતિનો સંયોગ—આ બધુંય માને તો જ સમવસરણને યથાર્થપણે સ્વીકારી શકે.

તીર્થંકરપ્રકૃતિ કોને બંધાય?—કે જેને રાગનો આદર ન હોય તેને; અને તે પ્રકૃતિનું ફળ ક્યારે આવે?—કે જ્યારે તે રાગ ટળીને વીતરાગદશા પ્રગટે ત્યારે. તીર્થંકરપ્રકૃતિનું બંધન તો નીચલી દશામાં ધર્મીને થાય છે પણ તેનો ઉદય તેરમાં ગુણસ્થાને જ આવે છે. જે રાગથી તીર્થંકરપ્રકૃતિ બંધાણી તે રાગ ટળી ગયા પછી જ તેનો ઉદય આવે છે. આ વાત સમજવા જેવી છે. જેને પુણ્ય–સામગ્રીના ભોગવટાની ઈચ્છા છે તેને પુણ્ય–સામગ્રીની પૂર્ણતા હોતી નથી. તીર્થંકરના પુણ્ય સર્વોત્કૃષ્ટ હોય છે પણ તેનું ફળ સાધકદશામાં આવતું નથી; રાગ ટળીને કેવળજ્ઞાન થયા પછી જ તે તીર્થંકરપ્રકૃતિનું ફળ આવે છે; પણ તે વખતે તે જીવને સામગ્રીના ભોગવટાનો રાગ ભાવ હોતો નથી. પહેલાં નીચલી દશામાં રાગરહિત પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ પ્રગટી. તે ભૂમિકામાં તીર્થંકરપ્રકૃતિ બંધાણી; અને પછી અંતરમાં પૂર્ણ સ્વભાવની ભાવના ભાવતાં

ભાવતાં કેવળજ્ઞાન થયું ત્યાં બહારમાં તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યો ને સમવસરણની રચના થઈ પણ તે કેવળી ભગવાનને સંયોગના ભોગવટા તરફનું વલણ રહ્યું નથી.

અહો ! સો ઈંદ્રો આવીને તીર્થંકરનાં ચરણકમળને ભક્તિથી પૂજે છે ને દૈવી સમવસરણ રચે છે. છતાં ભગવાનને રાગ નથી; ભગવાન તો પોતાના સ્વરૂપના પૂર્ણાનંદના ભોગવટામાં લીન છે. જુઓ સમવસરણ માનનારે આત્માની આવી દશાની ઓળખાણ કરવી જોઈએ. આવી પૂર્ણાનંદી વીતરાગ દશામાં જ સમવસરણનો યોગ હોય છે, રાગી જીવને સમવસરણ હોઈ ન શકે.

આત્મા છે, તેનામાં અનંત ગુણો છે, તેનું સમય સમયનું સ્વતંત્ર પરિણમન છે; તેમાં ચારિત્રગુણની વિપરીત દશામાં રાગ થાય છે, તે રાગના નિમિત્તે કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે.—આ બધું સ્વીકારે તો જ સમવસરણને માન્યું કહેવાય. આત્માના ત્રિકાળી સ્વભાવને, રાગને અને સંયોગને—એ બધાયને જે સ્વીકારે તેને રાગની કે સંયોગની ભાવના હોતી નથી; પણ પોતાના સ્વભાવની જ ભાવના હોય છે. આ બધી કબૂલાત આવ્યા વગર તીર્થંકર કે તીર્થંકરના સમવસરણને યથાર્થપણે માની શકે નહિ.

સ્વભાવ, રાગ અને સંયોગ—એ ત્રણે એકસાથે વિદ્યમાન છે, તેમાં ધર્મીની રુચિ સ્વભાવ ઉપર પડી છે, તેને સંયોગની કે રાગની રુચિ હોતી નથી. સમવસરણનો સંયોગ આત્માનો લાવ્યો લવાતો નથી, તે તો જગતના પરમાણુઓનું પરિણમન છે. જગતમાં જીવ અને જડ બધી વસ્તુઓ ક્ષણે ક્ષણે સ્વતંત્રપણે પરિણમી રહી છે. તેમાં અનાદિથી તે પ્રકારની ખાસ લાયકાતવાળા જીવને જ તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારના શુભ પરિણામ આવે છે, ને તેના ઉદય વખતે બહારમાં સમવસરણની રચના થાય એવું પરમાણુઓનું પરિણમન હોય છે. સમકિતી જીવને તો સમવસરણના સંયોગની કે જે ભાવથી તીર્થંકપ્રકૃતિ બંધાણી તે શુભ ભાવની ભાવના હોતી નથી, તેને તો પોતાના અસંયોગી ચૈતન્યતત્ત્વની જ ભાવના હોય છે, મિથ્યાદૃષ્ટિ જીવને સંયોગની ને રાગની ભાવના છે, તેને કદી તીર્થંકરનામકર્મ બંધાતું નથી.

જુઓ તો ખરા જગતના જીવોના પરિણામોની વિચિત્રતા ! એક જીવને સમવસરણ રચાય ને બીજાને ન રચાય,—તેનું કારણ શું ? અનેક સમ્યગ્દૃષ્ટિ જીવો હોય તેમાં પણ કોઈકને જ તીર્થંકરનામકર્મ બંધાય તેવા પ્રકારના શુભ પરિણામ આવે ને બીજા જીવોને તેવા પરિણામ કદી આવે જ નહિ; એ જ પ્રમાણે કોઈ જીવને આહારક શરીર બંધાય તેવા પ્રકારનો શુભરાગ આવે ને બીજા જીવોને મોક્ષ પામતાં સુધીના કાળમાં

કદી પણ તેવા પ્રકારના પરિણામ ન આવે; કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવી જાતના પરિણામ થાય ને કોઈ સમ્યગ્દૃષ્ટિને પહેલાં સ્વર્ગનું ઈન્દ્રપદ મળે તેવા પરિણામ થાય. કોઈ જીવ ચક્રવર્તી થઈને પછી મુનિ થઈને મોક્ષ પામે;—અને કોઈ જીવ સાધારણ મનુષ્ય થઈને પછી મુનિ થઈ મોક્ષે પામે.

સંસારમાં જીવોનાં પરિણામની આવી વિવિધતા છે ને નિમિત્તરૂપે પુદ્‌ગલના પરિણમનમાં પણ તેવી વિચિત્રતા છે. બધાય જીવો અનાદિથી ચાલ્યા આવે છે. દ્રવ્યે અને ગુણે બધા જીવો સરખા છે, છતાં પરિણામમાં ભિન્ન ભિન્ન પ્રકારો થાય છે, તેનું કારણ શું?—તેનું કારણ કોઈ નથી, સંસારમાં પરિણામોની આવી જ વિચિત્રતા છે. ધર્મીજીવ પોતાના ત્રિકાળ એકરૂપ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સંસારની આવી વિચિત્રતાને જાણે છે.

અનાદિ અનંત કાળમાં કદી તીર્થંકપણાનો ભાવ જ ઘણા જીવોને તો ન આવે. કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામી જાય પણ વચ્ચે જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવા પ્રકારનો ભાવ ન આવે અને કોઈ જીવને તેવો ભાવ આવે. મોક્ષ તો બન્ને જીવો પામે પણ તેમના પરિણામમાં વિચિત્રતા છે તેનું કારણ શું? તેનું કારણ તે તે પર્યાયની તેવી જ યોગ્યતા! આ એક ‘યોગ્યતા વાદ’ એવો છે કે બધા પ્રકારોમાં લાગુ પડે એટલે કે બધાં પ્રકારોનું સમાધાન કરી નાખે. તે નક્કી કરતાં ‘આમ કેમ?’ એવો પ્રશ્ન જ્ઞાનમાં રહેતો નથી.

જુઓ, આ સંસારના સ્વરૂપની વિચારણા! કોણ આ વિચાર કરે છે? ‘હું જ્ઞાનસ્વભાવ છું, મારા સ્વભાવમાં સંસાર નથી’ એવા ભાનપૂર્વક ધર્મીજીવ સંસારના સ્વરૂપનો વિચાર કરે છે; સંસાર-રહિત સ્વભાવની દૃષ્ટિ જેને પ્રગટી નથી તેને સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર હોતો નથી. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય, જેનાથી સર્વાર્થ સિદ્ધિનો ભવ મળે, જેનાથા આહારકશરીર મળે તથા જેનાથી ઈંદ્રપદકે ચક્રવર્તીપદ મળે—એવા પ્રકારના પરિણામ સમ્યગ્દૃષ્ટિને જ હોય છે પણ સમ્યગ્દૃષ્ટિને તેની ભાવના હોતી નથી, તેમજ બધા સમ્યગ્દૃષ્ટિને તેવા પ્રકારના પરિણામ આવતા નથી; જેનામાં તે તે જાતની લાયકાત હોય તેને જ તેવા પરિણામ થાય છે.

અરે, સંસારમાં જેમણે કદી સ્વર્ગનો કે નરકનો એક પણ ભવ કર્યો ન હોય, અનાદિ નિગોદમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ પામી જાય—એવા જીવો પણ હોય છે. જુઓ તો ખરા વિચિત્રતા! કોઈ જીવો તો અનંતવાર સ્વર્ગના ને નરકના અવતાર કરી ચૂક્યા ને કોઈ જીવને અનાદિ શાંત સંસારમાં સ્વર્ગ કે નરકનો ભવ થાય તેવા

પરિણામ જ ન આવ્યા ! એક જીવ તો તીર્થંકર થઈને મોક્ષ પામે છે ને બીજો જીવ સાધારણ રાજા પણ થતો નથી, સાધારણ મનુષ્ય થઈને મોક્ષ પામે છે. જીવોના તે તે જાતના વિકલ્પોની વિચિત્રતા છે. ધર્મીને તે વિચિત્રતા દેખીને આશ્ચર્ય થતું નથી, કેમ કે તે એકલી વિચિત્રતાને જ નથી દેખતો પણ એકરૂપ સ્વભાવની દૃષ્ટિ મુખ્ય રાખીને પર્યાયની વિચિત્રતાનું જ્ઞાન કરે છે; આવા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને જ સંસારના બધા પડખાઓનું ભાન હોય છે ને તેને જ ''સંસારભાવના'' હોય છે. એકલી પર્યાયબુદ્ધિવાળા અજ્ઞાની જીવો તો પર્યાયની વિચિત્રતાને દેખીને વિસ્મયતામાં અટકી જાય છે ને જ્ઞાનીને સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયની વિચિત્રતામાં વિસ્મયતા થતી નથી પણ ક્ષણે ક્ષણે વીતરાગતા વધે છે.

અજ્ઞાનીને તો બાર-ભાવના યથાર્થ હોતી નથી. વિચિત્રતાના પરિણામ ઉપર જ જેની રુચિ છે ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ નથી તેને વિચિત્રતામાં રાગ-દ્વેષ થયા વિના રહેતા નથી. સંસાર-ભાવનાવાળાને પર્યાયબુદ્ધિ હોતી નથી પણ ચિદાનંદ સ્વભાવ ઉપરની દૃષ્ટિપૂર્વક આ પ્રકારના વિચારની શ્રેણી ચાલે છે, તેને પર્યાયની વિચિત્રતાનું વિસ્મય નથી.

સંસારમાં અનાદિ કાળથી કોઈ જીવ તો તિર્યંચ પંચેન્દ્રિયપણું પામ્યો જ ન હોય, તેવા ભાવ જ તેને ન આવ્યા હોય ને નિગોદમાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ પામી જાય, તથા કોઈ જીવને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ સુધીના અનંત ભવો થઈ ગયા હોય, નવમી ગ્રૈવેયકના તથા સાતમી નરકના અનંત ભવ થઈ ગયા હોય !

જુઓ ! આ સંસારની વિચિત્રતા ! ધર્મી જીવને સ્વ-પરની પર્યાયની અનેક પ્રકારની વિચિત્રતા ખ્યાલમાં આવતા તેમાં વિસ્મયતા લાગતી નથી—'આમ કેમ ?' એવો પ્રશ્ન તેને રહેતો નથી. સંસારમાં એવી વિચિત્રતા હોય. ધર્મીને પર્યાયબુદ્ધિ નથી. ''જે પર્યાય થવાની હોય તે ફેરવી શકાતી નથી''—એમ જે જાણે તેને દ્રવ્યબુદ્ધિ થયા વિના રહે નહિ. પર્યાય સ્વતંત્ર છે—એમ માને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવી જોઈએ, ને દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તેને પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે.

જગતમાં અનંત જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. ''આ કાળે આવી જ પર્યાય કરું'' એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જુઓ, આજે સમવસરણનો દિવસ છે.

એક પણ વાત યથાર્થ કબૂલે તો અંદરમાં જ્ઞાનસ્વભાવી આત્માની પ્રતીત થયા વિના રહે નહિ. પુણ્ય, સમવસરણ, તીર્થંકર એક પણ વાતને યથાર્થ કબૂલતાં જ્ઞાનસ્વભાવની પ્રતીત થયા વિના રહે નહિ. વિચિત્રતાના કાળે વિચિત્રતા છે, દ્રવ્ય–ગુણ સરખાં હોવા છતાં પર્યાયના પ્રકારમાં ફેર કેમ ?–એવો સંદેહ કે વિસ્મયતા જ્ઞાનીને નથી. પોતાના એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ રાખીને ધર્મી તે વિચિત્રતાને જાણે છે.

જુઓ, જગતમાં સમવસરણ અનાદિથી છે. ભગવાન મહાવીર પરમાત્મા જ્યારે અહીં બિરાજતા હતા ત્યારે અહીં પણ સમવસરણ હતું, અને સીમંધર ભગવાન અત્યારે મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં સમવસરણ છે, સંત મુનિઓનાં ટોળાં છે, ત્યાં ભગવાનની વાણીમાં એક સાથે બાર અંગનો ધોધ આવે છે, એક સમયમાં પૂર્ણતા આવે છે, ને સમજનારા પોતાની યોગ્યતા પ્રમાણે સમજે છે. અત્યારે પણ કહેનારાના અભિપ્રાયની જેટલી ગંભીરતા હોય, તે પ્રમાણે કાંઈ બધા સમજતા નથી, પણ સૌ પોતપોતાના ક્ષયોપશમની યોગ્યતા પ્રમાણે સમજે છે ને !

જગતમાં જીવો અનંત છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. ''આ કાળે આવી જ પર્યાય કરું'' એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

જગતમાં જીવો છે. તેના દ્રવ્ય–ગુણ એકરૂપ છે. પર્યાયમાં વિકાર છે. તેમાં કોઈ જીવને તીર્થંકરનામકર્મ બંધાય છે ને તેના ફળમાં સમવસરણ રચાય છે;—આમ બધાની અસ્તિ કબૂલે તો સમવસરણને માની શકે.

જુઓ, કોઈ જીવ આત્માનું ભાન કરીને યથાર્થ ચારિત્ર દશા પ્રગટ કરીને મુનિ થાય. હજારો વર્ષ આત્માના જ્ઞાન–ધ્યાનમાં રહે છતાં તેને તીર્થંકરનામકર્મ ન બંધાય ને ચોથા ગુણસ્થાને કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ તીર્થંકરનામકર્મ બંધાઈ જાય ! ત્યાં મુનિને એમ શંકા નથી પડતી કે ''અરે ! આ અવિરતિ સમ્યગ્દૃષ્ટિને તીર્થંકરનામકર્મ બંધાયું ને મને ચારિત્રદશા હોવા છતાં મારે તીર્થંકરનામકર્મ ન બંધાયું તો શું મારા ચારિત્રમાં કાંઈ ખામી હશે ?'' મુનિને તો ભાન છે કે મારા ચારિત્રનું ફળ બહારમાં ન આવે. ચારિત્રના ફળમાં તો કેવળજ્ઞાન થઈને મોક્ષદશા પ્રગટે. તીર્થંકરનામકર્મ તો રાગનું ફળ છે. આત્માના ચારિત્રના ફળમાં તો અંદરમાં શાંતિ આવે; શું ચારિત્રથી કાંઈ કર્મ બંધાય ? ચારિત્ર તો ધર્મ છે. તેનાથી બંધન થાય નહિ અને જે ભાવથી બંધન થાય તેને ધર્મ કહેવાય નહિ. સમ્યગ્દૃષ્ટિને રાગથી તીર્થંકરનામકર્મ બંધાય છે.

ત્યાં તેને તેની ભાવના નથી, ને તે રાગને ધર્મ માનતા નથી. જુઓ, આ સંસારભાવના !

યથાર્થ તત્ત્વના ભાન વિના બાર-ભાવના યથાર્થ હોય નહિ. જગતમાં અનેક જીવો છે, તે દ્રવ્યે-ગુણે સરખા હોવા છતાં કોઈ તીર્થંકરનામકર્મ બાંધે, કોઈ ન બાંધે, ક્ષાયિક સમ્યગ્દર્શન હોય છતાં કોઈને તીર્થંકરનામકર્મ ન બંધાય ને ક્ષયોપશમવાળાને બંધાય, તેનું કારણ ? તે તે પર્યાય સત્ છે, તેમાં ''આમ કેમ ?''—એવો પ્રશ્ન નથી. વસ્તુનું આવું સત્ સ્વરૂપ છે. દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય પણ સત્—એમ સત્‌ની પ્રતીત કર તો 'આમ કેમ ?'—એવો પ્રશ્ન નહિ રહે પણ જ્ઞાનસ્વભાવની પ્રતીત થઈને વીતરાગતા પ્રગટશે.

*

શ્રી સમયસાર ગાથા ૭૫ મા

## જીવના વિકારી પરિણામ તે કર્મના પરિણામ

''કોઈ (હિન્દી પ્રાન્તમાંથી) કહે છે કે (શ્રી સમયસાર ગાથા-૭૫મા) આ પરિણામ છે તે જડના પરિણામ લેવા, જીવના વિકારી પરિણામ ન લેવા; એમ કહેતા હતા. કીધું, નહીં, એમ નથી. આ તો અંતરંગ ઉત્પન્ન થતું જીવના પરિણામ વિકારી મોહ-રાગ-દ્વેષ-સુખ-દુઃખ આદિ—એ કર્મનું પરિણામ છે, જીવનું નહીં. એ જીવના પરિણામ નહીં. જીવ તો શુદ્ધ પરિણામ—વસ્તુ છે તેના શુદ્ધ પરિણામ હોય એ અહીં સિદ્ધ કરવું છે. કર્તાકર્મ સિદ્ધ કરવું છે ને ! તો આત્મા કર્તા થઈને કર્મ થાય તો શુદ્ધ થાય. કારણ કે એના ગુણો શુદ્ધ પવિત્ર આનંદકંદ છે, એ અનંત અનંત ગુણોનો પાર નથી એવો ભંડાર છે. છતાં અનંત ગુણમાં કોઈ એકેય ગુણ—કોઈ ગુણ—અનંતા અનંતા અનંતા અનંતા અનંતામાં કોઈ ગુણ રાગપણે થાય--એવો કોઈ ગુણ નથી અને રાગપણે થાય ગુણ ને દ્રવ્ય તો તો ટળે નહીં--બેનમાં (બહેનશ્રીનાં વચનામૃતમાં) આવ્યું છે....

જીવમાં થતાં, જ્ઞાનીને, રાગ-દયા-દાન-વ્રત-ભક્તિ-પરમાત્માની સ્તુતિ એ બધા રાગ અંતરંગ કર્મના પરિણામ છે....

ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને ! કે—જીવ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી રહિત છે તો અહીં (૭૫મી ગાથામાં) ભાવકર્મ-નોકર્મથી રહિત આવ્યું, દ્રવ્યકર્મ તો આવ્યું નહીં ! પણ એ દ્રવ્યકર્મ જ ભાવકર્મરૂપે પરિણમે છે એમ અહીં લેવું છે. એટલે દ્રવ્ય-ભાવ ને નોકર્મ ત્રણેય આવી ગયા....''

*—અધ્યાત્મરહસ્યોદ્‌ઘાટક પૂજ્ય ગુરુદેવ*

# અનંતમતિની કથા

[ગતાંકથી ચાલુ]

અહીં પ્રિયદત્ત તેની પુત્રીના ગૂમ થઈ જવાના સમાચાર સાંભળીને અત્યંત દુઃખી થયો. પુત્રી-વિયોગથી તેણે ઘરબારથી વૈરાગ્ય ધારણ કર્યો. જ્યારે મન દુઃખી થાય છે ત્યારે ઘરબાર પણ સ્મશાનવત્ જણાય છે. તેને આખો સંસાર સૂનો સૂનો લાગ્યો. ઘરમાં એક ક્ષણ એક વરસ સમાન ભાસવા લાગ્યું. તેનું મન ઘરમાં ન લાગતાં તે ઘરમાંથી બહાર નીકળી ગયો. લોકોના બહુ સમજાવવાથી પણ તેણે પોતાનો નિર્ણય ન છોડ્યો તેથી પરિવારના લોકો પણ તેની સાથે ચાલી નીકળ્યા. બધા અનેક સિદ્ધક્ષેત્રો તથા અતિશયક્ષેત્રોની યાત્રા કરતાં અયોધ્યા નગરીમાં આવી પહોંચ્યા. ત્યાં પ્રિયદત્તનો સાળો જિનદત્ત રહેતો હતો. તેણે ખૂબ પ્રેમથી જિનદત્તનું સ્વાગત કરી પરિવારના લોકોના કુશળ સમાચાર પૂછ્યા. તેણે અનંતમતિ સંબંધી આખી ઘટના સાંભળી તેથી જિનદત્ત અત્યંત દુઃખી થયો. પરંતુ કર્મ-ફળ આગળ બધા લાચાર થઈ ગયા.

બીજા દિવસે એક એવી ઘટના ભજી કે પિતા-પુત્રીનું મિલન થઈ ગયું. વાત એમ થઈ કે જિનદત્તની સ્ત્રીએ અર્જિકા સાથે રહેવાવાળી સ્ત્રી (અનંતમતિ)ને ભોજન કરવા તેમજ ચૌક પૂરવા માટે બોલાવી. અનંતમતિ ચૌક પૂરીને ચાલી ગઈ. એટલામાં પ્રિયદત્ત પોતાના સાળા સાથે જિનાલયમાં દર્શન કરવા ગયા હતા. પાછા આવીને જિનદત્તના ઘરમાં ચૌક પૂરેલું જોઈને તેને પોતાની પ્રિય કન્યા અનંતમતિની યાદ આવી ગઈ. તે ખૂબ રોવા લાગ્યા. તેણે કાંપતા સ્વરમાં કહ્યું, જેણે આ ચૌક પૂર્યો છે તેની સાથે મને મિલન કરાવો.

તેનો સાળો પોતાની સ્ત્રીને તેનું સ્થાન પૂછીને પદ્મશ્રી અર્જિકા પાસે પહોંચી ગયા. તે અનંતમતિને લઈને પોતાના ઘરે પાછો આવ્યો. પોતાની કન્યાને જોઈને પિતાનું ગળું ભરાઈ ગયું. કેટલા દિવસો બાદ પિતાએ પુત્રીને જોઈને તેને છાતીએ લગાડી. પ્રિયદત્તે ખૂબ પ્રેમથી પુત્રીને સમાચાર પૂછ્યા. કન્યાએ સિસકતી આપવીતી કહી સંભળાવી. પ્રિયદત્ત કષ્ટકથા સાંભળીને કંપી ઉઠ્યો. આશ્ચર્ય સાથે કહેવા લાગ્યો કે પોતાની કન્યાએ અસહ્ય કષ્ટ સહન કરીને પણ કેવી રીતે સતીત્વની રક્ષા કરી. અંતમાં તેણે પોતાની કન્યાને મળીને તેના હૃદયમાં આનંદનો જેવો અનુભવ કર્યો તે શબ્દોથી વર્ણન કરી શકાય એમ નથી. ત્યાં જિનદત્ત ખૂબ ખુશી થયો. આ ખુશીમાં જિનેશ્વરની રથ-યાત્રા કાઢવાની તૈયારી

કરી. બધાને સમ્માનિત કરી દાન આપ્યું. કન્યાને મળીને પ્રિયદત્તે પોતાને ધન્ય માન્યો. પ્રસન્નતાનો કોઈ પાર નહોતો.

હવે પ્રિયદત્ત ઘરે જવા માટે તૈયાર થઈ ગયો. ઘરે જવા માટે કન્યાને વાત કરી. અનંતમતિએ હાથ જોડીને પિતાને પ્રાર્થના કરી, "પૂજ્ય પિતાજી! મેં સંસારના બધા નાટક જોઈ લીધા. હાય! તેને યાદ કરીને મારો આત્મા કંપી ઊઠે છે. પિતાજી! સંસારી કષ્ટોને જોઈને હું ડરું છું અતઃ તમને સાદર વિનંતી કરું છું કે તમે મને ઘરે આવવાનું ન કહો. તમને પ્રાર્થના કરું છું કે મને જૈનધર્મમાં દીક્ષિત થવાની આજ્ઞા આપો. બસ તમારી પુત્રીની એક જ અભિલાષા છે."

પ્રિયદત્ત કન્યાની વાત સાંભળીને ડરી ગયા. તેમણે લડખડાતા અવાજમાં કહ્યું, પુત્રી! તારું કોમળ શરીર કેવી રીતે કઠિન કષ્ટોને સહન કરશે. દીક્ષા લઈને અત્યંત કષ્ટ સહન કરવા પડે છે. જેને તું સહન નહિ કરી શકે. અતઃ થોડા દિવસ ઘરમાં રહી સાધના કરો. ત્યારબાદ તારી અભિલાષા પૂર્ણ થશે. જોકે પ્રિયદત્તે કન્યાને પ્રેમ-વશ દીક્ષા લેવા ના પાડી પરંતુ અનંતમતિના રોમ-રોમમાં વૈરાગ્યના ભાવ છવાઈ ગયા હતા. તેણે ગૃહ-પરિવાર, માતા-પિતાની મમતાને ઠોકર મારી પદ્મશ્રી અર્જિકા પાસે જઈને દીક્ષા લઈ લીધી. તેણે દૃઢતાથી તપસ્યા શરૂ કરી દીધી. તે કઠિનથી કઠિન કષ્ટ ધૈર્ય સાથે સહન કરતી. લોકો તેની કઠિન તપસ્યા જોઈને આશ્ચર્ય વ્યક્ત કરતાં. તેણે આજીવન દૃઢતાથી વ્રત પાલન કર્યા. અંતમાં તે પોતાની અમર જ્યોતિ પ્રભા ફેલાવતી સન્યાસમરણ દ્વારા સહસ્રાર સ્વર્ગમાં જઈને દેવ થઈ.

સ્વર્ગમાં પણ નવા નવા વસ્ત્રાભૂષણ ધારણ કરે છે. અનેક દેવાંગનાઓ તેની સેવા કરે છે. તેના સુખ તથા ઐશ્વર્યની કોઈ સીમા નથી. સત્ય છે જ્યારે પુણ્યોદય થાય છે ત્યારે તેના પ્રતાપે મનુષ્યને શું શું નથી મળતું! જોકે અનંતમતિના પિતાએ તેને રમત રમતમાં બ્રહ્મચર્યવ્રત અપાવ્યું હતું પરંતુ તેણે અટલભાવથી તેનું પાલન કર્યું. તેણે સંસારના કોઈ પણ સુખમાં લાલચ ન કરી. તેણે તેના ઉગ્ર તપના પ્રભાવથી સ્વર્ગસુખ પ્રાપ્ત કર્યું. ત્યાં પણ તેનું જીવન જિનભગવાનની આરાધનામાં પસાર થાય છે.

[સંપૂર્ણ]

[તા. ૧૦-૮-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

## * નિમંત્રણપત્રિકાની લેખનવિધિ *

તા. ૧-૮-૯૯, રવિવારના દિવસે પ્રાતઃ ભવ્ય પૂજાસમારોહ અને શોભાયાત્રાપૂર્વક, પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન પછી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૬મા મંગલમય વાર્ષિક 'જન્મમહોત્સવ'ની—જે તા. ૨૪-૮-૯૯, મંગળવારથી તા. ૨૮-૮-૯૯, શનિવાર (શ્રાવણ વદ ૨) પાંચ દિવસ સુધી ઉપકૃતભાવભીના ભક્ત્યુલ્લાસથી શ્રી વેજીબેન દેવનભાઈ શાહ તથા ગંગાબેન રામજીભાઈ શાહ, હાO નાઈરોબીનિવાસી શ્રીમતિ રળિયાતબેન રાયચન્દ શાહ તરફથી ઉજવવામાં આવશે તેની—નિમન્ત્રણપત્રિકાની લેખનવિધિનો શુભસમારોહ, તે ઉપકારમૂર્તિ પ્રતિ ભક્તિભીના વાતાવરણમાં આનન્દોલ્લાસ સહ સમ્પન્ન થયો. આ અવસરથી લાભાન્વિત થવા માટે ભાવનગર, રાજકોટ, અમદાવાદ, બિહાર, મુંબઈ આદિ અનેક ગામોથી મુમુક્ષુ મહાનુભાવ પધાર્યા હતા. નિમન્ત્રણપત્રિકા મુમુક્ષુ સમાજને મોકલી આપવામાં આવી છે.

**પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—** પ્રતિવર્ષાનુસાર પૂજ્ય બહેનશ્રીની જન્મજયન્તીના અવસર પર ચાલતા પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગનો પ્રારંભ તા. ૨૦-૮-૯૯, શુક્રવારના દિવસે થશે અને તેની સમાપ્તિ તા. ૮-૯-૯૯, બુધવારના દિવસે થશે. શિક્ષાર્થી પુરુષો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

**દશલક્ષણ-પર્યુષણપર્વ--** ભાદરવા સુદ ૫, મંગળવાર, તા. ૧૪-૯-૯૯ થી ભાદરવા સુદ ૧૪, શુક્રવાર, તા. ૨૪-૯-૯૯ સુધી અગિયાર દિવસ શ્રી દશલક્ષણ-પર્યુષણપર્વ દશલક્ષણધર્મમંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાભરી અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. તેમ જ ભાદરવા સુદ ૧૩ થી ૧૫ સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' ઉત્સવ પણ ઉજવવામાં આવશે.

**ઉત્તમ ક્ષમાવણીપર્વ :—** ભાદરવા વદ-૧ રવિવાર, તા. ૨૬-૯-૯૯ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા-ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનું આલોચના-ટેપપ્રવચન વગેરે સહિત ઉજવવામાં આવશે. આ ક્ષમાવણીના અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આલોચના-પ્રવચનનો લાભ લેવા માટે અનેક ગામોમાંથી મુમુક્ષુમંડળ સોનગઢ આવે છે.

**પ્રવચનકાર વિદ્વાન્ :—** દશલક્ષણપર્યુષણપર્વ માટે જે મુમુક્ષુમંડળોને સોનગઢથી અધ્યાત્મ-પ્રેમી પ્રવચનકાર વિદ્વાન્ બોલાવવાની ભાવના હોય તેઓ, 'પ્રચાર વિભાગ', શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ, સોનગઢ—૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)' આ સરનામા પર પોતાના મુમુક્ષુમંડળના અધ્યક્ષ અથવા મંત્રી દ્વારા પત્રવ્યવહાર કરે—જણાવે. શક્યતાનુસાર વ્યવસ્થા કરવામાં આવશે.

*

શ્રી વેજીબેન દેવનભાઈ તેમ જ શ્રી ગંગાબેન રામજીભાઈ
હસ્તે રખીયાતબેન રાયચંદભાઈ શાહ દ્વારા
અધ્યાત્મતીર્થ સોનગઢમાં સાનન્દોલ્લાસ ઉજવાનારો

**પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો**

# ૮૬મો મંગલ જન્મોત્સવ

[તા. ૨૪-૮-૯૯ થી તા. ૨૮-૮-૯૯]

આત્માનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ-ભક્ત, સ્વાનુભવવિભૂષિત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેન પ્રતિ ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે તે ઉપકારમૂર્તિનો ૮૬મો વાર્ષિક મંગલ જન્મોત્સવ (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં શ્રી વેજીબેન દેવનભાઈ શાહ તથા શ્રી ગંગાબેન રામજીભાઈ શાહ, હ૦ નાઈરોબીનિવાસી શ્રીમતી રળિયાતબેન રાયચન્દભાઈ શાહ તરફથી અત્યન્ત ભક્તિભાવ તેમ જ સાનન્દોલ્લાસથી ઉજવવામાં આવશે. આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની ઉલ્લાસવર્ધિની તેમ જ ભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવનારા આ મંગલ મહોત્સવનું આયોજન તા. ૨૪-૮-૯૯, મંગળવારથી તા. ૨૮-૮-૯૯, શનિવાર—પાંચ દિવસ 'શ્રી ચૌંસઠ-ૠદ્ધિમન્ડળવિધાનપૂજા', અધ્યાત્મ-જ્ઞાનોપાસના, દેવગુરુભક્તિ અને ધાર્મિક શિક્ષણવર્ગ આદિ વિવિધ રોચક કાર્યક્રમ સહ ભક્ત્યુલ્લાસથી ઉજવવામાં આવશે. આ શુભાવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન તથા ઘાટકોપર, વઢવાણ તેમ જ મલાડની ભજનમંડળી દ્વારા પ્રાસંગિક ભક્તિ—ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ બધાને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## ❋ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર ❋

❋ વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય તો કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાય નહીં—એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાંખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે, ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે...વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દૃઢ કરે ! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ કર્તાપણું છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે. ૧૪૭.

❋ જુઓ, આ ઈષ્ટ ઉપદેશ ! પોતે જ જ્ઞેય અને પોતે જ જ્ઞાતા થઈને અનુભવ કરી શકે એવી શક્તિનું સત્ત્વ છે. જ્ઞેય થવા માટે કે જ્ઞાતા થવા માટે બીજાની જરૂર પડે એવું પરાધીન વસ્તુનું સ્વરૂપ જ નથી. સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા જોયો–જાણ્યો તેવો જ કહ્યો છે. ભગવાન આ હરખજમણ જમાડે છે ભાઈ ! તું હરખ લાવીને તારા સ્વભાવનો વિશ્વાસ કરી જ્ઞાનનો દોર તેમાં બાંધ. પરમાં ક્યાંય હરખ લાવવા જેવું નથી. પોતે પોતાનું સ્વરૂપ સમજી, મહિમા લાવી, તેમાં ઠરી જવા જેવું છે. ૧૪૮.

❋સ્વ-પરને જાણવાની યોગ્યતા પર્યાયની પોતાની છે તેથી તેને જાણે ત્યારે જ્ઞેય તેમાં જણાયા એમ નિકટપણાને લીધે કહેવામાં આવે છે. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા દ્રવ્યોને જાણે છે ને પર્યાયમાં અનંતા દ્રવ્યો જણાવા લાયક છે તેમ કહેવું તે પણ વ્યવહાર છે. ખરેખર તો જ્ઞાનની એક સમયની પર્યાય સ્વજ્ઞેયને—ભગવાન આત્માને જાણે ત્યાં અનંતા પરજ્ઞેયો તેમાં જણાય જાય એવી તે પર્યાયની શક્તિ છે. ૧૪૯.

❋આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે. તેને બદલે એમ માને કે શુભાશુભ ભાવ મારા છે, રાગ તથા દયા-દાનની ક્રિયાવાળો હું છું, તો તેણે પરમાત્માને જડ માન્યો છે. પરમાણુમાં થતી ક્રિયાઓ જડ છે એ તો ઠીક, પણ પુદ્‌ગલના સંગે થતી પુણ્ય-પાપની ક્રિયાનો ભાવ તે પણ અચેતન છે. તેમને આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે. ૧૫૦.

## ❀ જાણનારની પર્યાય જણાઈ છે ❀

જ્ઞાનની પર્યાયનો જ પોતાનો તે કાળે તે રૂપે પરિણમવાનો સ્વભાવ છે માટે તે કાળે રાગ જણાયો નથી પણ જાણનારની પર્યાય જણાઈ છે. જ્ઞેયાકારના કાળે પણ તે પોતાને જાણે છે અને સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ તે પોતાને જ જાણે છે.

—*સમ્યક્‌રત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : **શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ–૩૬૪ ૨૫૦**

મુદ્રક : **કહાન મુદ્રણાલય, સોનગઢ**

તંત્રી : **હીરાલાલ ભીખાલાલ શાહ**

માલિક : **શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ–૩૬૪ ૨૫૦**

સ્થળ : **જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,**
**સોનગઢ–૩૬૪૨૫૦**

સંપાદક : **નાગરદાસ બેચરદાસ મોદી**

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

-364230 (સૌ.)